Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું. ] માગશર. સંવત ૧૯૭૭. વીર સંવત–૨૪૪૭. [ અંક ૯ મો.

## मुनिगुण सज्झाय.

ધન્ય ધન્ય મુનિવર સમતા રસ રમે,
નિજ ધ્યાને ચકચૂર. ધન્ય૦

અહોનિશ આનંદ અંતર દીપતો, પૂદ્ગલ ભાવે સબૂર;
પારસ ને પાષાણ સમ દ્રષ્ટિએ, કામિની કંચન દૂર. ધન્ય૦
દુઃખ ઉપજાવે નવી કો જીવને, ભાષણ પણ સુખરૂપ;
આડંબરથી અલગા નિત રહે, સેવે તપ પદ ધૂપ. ધન્ય૦
નિંદા સ્તુતિ કદી નવી ચિત્ત ધરે, જ્ઞાન વિષે મશગૂલ;
ગ્રંથ અધ્યાતમ પઠન મનન કરે, ઉપદેશે અનુકૂલ. ધન્ય૦
સ્વગુણ રંગીલા રે મુનિવર હીરલા, ભારત ભૂષણ ભૂપ;
નિજ તારણ સહ પરને તારતા, નિર્યામક એ અનૂપ. ધન્ય૦
એવા ઉત્તમ મુનિ નિત્ય વંદીએ, આતમ ધ્યાને હજૂર;
અમર અચલ પદ નિશ્ચય પામવા, ચિત્ત આનંદ ભરપૂર. ધન્ય૦

## भक्ति–रस.

પ્રભુ નામ સુધારસ પીજે, ( ૨ )
આ ભવસાગરથી બ્હીને: રે પ્રભુ૦
અંતર્યામી સમર તું ઘટમાં, વિકથા વૈર તજીને;
નાવ મળ્યું તરવાનું તજ મા, શુભ ભાવે સમજીને. રે પ્રભુ૦
માનવ દેહ સફળ કર ભાઇ, જીવન નાથ ભજીને;
અમર કહે ભવ એજ કૃતારથ, બેઠા ઠામે ઠરીને.[1] રે પ્રભુ૦

અમૃતલાલ માવજી શાહ—કલકત્તા.

૧ જ્યાંથી પાછું ફરવું નથી એવા મોક્ષસ્થાને.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अभेद भावना.

જગતમેં જૈનધર્મ ફેલાઓ. (૨)

બાલકથી વૃદ્ધ લેકે સબકો, શાસન રસીક બનાઓ;
સદ્વર્તનનું શિક્ષણ આપો, આતમ શૌર્ય બતાઓ,
અનુપમ આનંદ થાઓ. જગતમેં૦
એક પિતાકા સુપુત્ર હોકે, અલગ પથે કયું જાઓ;
ભ્રાતૃભાવનાકું પ્રગટાકે, એક પ્રવાહે વહાવો,
ભાઈ ભાઈ બન જાઓ. જગતમેં૦
શ્વેતાંબર દિગંબર સ્થાનક-વાસી નામ મીટાઓ;
ભેદ ભાવકું તજકે ભાઈ, અભેદ ભાવ પ્રગટાઓ,
જૈન એક નામ ધરાઓ, જગતમેં૦
જાહોજલાલી જૈન ધર્મકી, જય જય નાદે જમાવો;
પ્રભુમયતા પ્રગટાવી દેહે, શાસન રાજ્ય દીપાવો,
જ્ઞાનામૃત રસ પાઓ. જગતમેં૦

(અ. મા.)

# जेवी करणी तेवी पार उतरणी.

૧ નિર્ધન સ્થિતિ છતાં ઉદાર દીલથી દાન આપે.

૨ મોટો અધિકારી છતાં ક્ષમા-નમ્રતાદિક રાખે.

૩ યુવાવસ્થા છતાં દેહદમન-ઇન્દ્રિયદમન કરે.

૪ જ્ઞાની-વિદ્વાન છતાં મૌન-નિરભિમાનતા રાખે.

૫ સહુ વાતે સુખી છતાં મનોવૃત્તિ કબજે રાખે.

૬ તથા સહુને નિજ આત્મા સમાન લેખે. તે સુકૃત કરણી તેને સદ્ગતિ-દેવગતિ પમાડે છે.

૧ અઢળક ધન છતાં કૃપણતાથી ખર્ચ કરી ન જાણે.

૨ પ્રભુતા પામી મદ-અહંકારથી અનર્થ કર્યા કરે.

૩ તરૂણ વયમાં સાંઢની જેમ સ્વચ્છંદતાથી ચાલે.

૪ શાસ્ત્ર ભણી મદથી ફુલાઇ જઇ તેનો ગેરઉપયોગ કરે.

૫ સુખી સ્થિતિ પામી ઇન્દ્રિય વશ થઇ ન કરવાનું કરે.

૬ તથા તુચ્છ સ્વાર્થની ખાતર અનેકને ત્રાસ આપે. તેમની નીચ-અધોગતિ તાં કોણ અટકાવી શકે? અર્થાત્ 'જેવી કરણી તેવી પાર ઉતરણી' જાણી હુએ દુષ્ટાચરણથી દૂર રહેવું. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्वउन्नति इच्छके उन्मार्ग त्यजी सन्मार्गने वगर विलंबे सेववानी भारे जरुर.

( લેખક—સદ્ગુ૦ કર્પૂરવિજયજી—પાલીતાણા. )

૧ આપણામાં અજ્ઞાનતાના જોરથી સ્વેચ્છાચાર ઘણો વધી ગયો છે. તેના સ્થાને શાસ્ત્રાચાર આદરવા અને શાસ્ત્રરહસ્ય વિનય બહુમાનપૂર્વક ગીતાર્થ જ્ઞાની ગુરૂ સમીપે જાણવા–ખપ કરવાની ભારે જરૂર છે.

૨ ગમે તે સુકૃત્ય–આચરણ પણ સમજપૂર્વક સાવધાનતાથી કરવું જોઇએ.

૩ અર્થ–પરમાર્થના લક્ષ્ય વગર ઘણું કરવા કરતાં અર્થના ઉપયોગ સહિત ગુરૂ આજ્ઞાથી યોગ્યતાનુસાર થોડું પણ કરવું સારૂં છે.

૪ તીર્થયાત્રા, દેવપૂજા, ગુરૂભક્તિ, સંઘ–સાધર્મિ સેવા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, તથા શાસ્ત્રશ્રવણ–મનન અભ્યાસાદિક દરેક પ્રસંગે તેનો હેતુ–પરમાર્થ સમજી તેની સફળતા થાય એવી કાળજી રાખવાની જરૂર છે.

૫ શત્રુંજય ગિરનારજી જેવા પવિત્ર તીર્થની યાત્રા કરવાના પ્રસંગે જયણા રહિત ધસમસીને ઉપયોગશૂન્યતાથી ઘણીએક યાત્રા કરવા કરતાં જયણાસહિત સ્થિરતા રાખી ઉપયોગપૂર્વક પ્રસન્નતાથી થોડી પણ યાત્રાઓ કરીને સંતોષ પકડવો લાભદાયક જણાય છે.

૬ શરીરમાં અત્યંત ક્ષીણતા તથા રોગાદિક કારણ વગર યાત્રા પ્રસંગે સુખશીલપણાથી જાનવરોને ત્રાસ ઉપજાવીને કે ડોળીવાળાઓની ખાંધ ઉપર ચઢીને જવાનું શ્રીમંતને પણ વિવેક ત્યજી દેખાદેખી ચલાવવા દેવાનું સલાહ ભર્યું નથી, એજ રીતે કંતાનનાં બૂટ–મોજાં પહેરી ડુંગર ઉપર જવા આવવાની વધતી જતી રૂઢી પણ નુકશાનકારીજ છે.

૭ શરીર–ઇન્દ્રિયોનું દમન કરવા, ક્રોધ માનાદિક કષાયને જીતવા, હિંસા અસત્યાદિક પાપસ્થાનકનો પરિહાર કરવા તથા મન વચન કાયાનો યથાયોગ્ય નિગ્રહ કરી, તેમને પવિત્ર કરવા નિમિત્તે જે ઘરબાર ત્યજીને યાત્રાર્થે ચાહીને માર્ગમાં અનેક કષ્ટ ઉઠાવીને પણ જવા ખાસ પસંદ કરવાનું કહ્યું છે.

૮ દરેક શ્રદ્ધાળુ ગૃહસ્થે માર્ગાનુસારી થવાને માટે ન્યાય–નીતિ–પ્રમાણિકતાથીજ કમાણી કરીને, સ્વકુટુંબ પાલન કરવા ઉપરાંત શુભ ક્ષેત્રમાં તેનો સદુપયોગ વિવેકથી કરીને લ્હાવો લેવા સદાય લક્ષ્ય રાખવું જોઇએ.

૯. સકમાણીનું જેટલું દ્રવ્ય ખરા ઉત્સાહથી સારા માર્ગે ( પરમાર્થ દાવે )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દસ્તહસ્તે તુચ્છ યશ કીર્ત્તિની કામના રાખ્યા વગર, આત્મ કલ્યાણાર્થે ખર્ચી શકાય તેટલુંજ લેખે, બાકી સ્વચ્છાએ તો ઘણાએ રળે ખર્ચે છે તેમાં નવાઇ શી ?

૧૦. કામ કરવાની તાકાત છતાં નિર્ધનોને ગરીબ જાણીને તેમને કંઇ ઉદ્યમ કર્યા વગર બેઠા બેઠા નકામા પોષવાથી તેઓ વધારે દુઃખી થવા પામે છે, તેથી તેમને કે તેમનાં બાળકોને યોગ્ય ઉદ્યોગમાં જોડી પરિણામે તેઓ જાતેજ પોતાનો સુખે નિર્વાહ ચલાવી શકે તેવા કરવા માટે સ્વદ્રવ્ય પ્રમુખનો વિવેકથી વ્યય કરવો ડહાપણ ભર્યો છે. અનેકવાર મિષ્ટાન્ન જમાડવા કરતાં તે રૂડું છે.

૧૧. નાત જમણ પ્રમુખમાં અઢળક દ્રવ્ય કેવળ યશ કીર્ત્તિ માટેજ ખર્ચી નાખવા કરતાં નાત જાતમાં રહેલા કલેશ કુસંપ અને કુરિવાજો (કુધારા) દૂર થાય તથા સુલેહ શાન્તિ અને સુધારા મજબુતીથી દાખલ થાય તેવા ઉચ્ચ ઉદાર આશયથી ખરા દિલસોજ સદ્ગૃહસ્થોની સંમતિ મેળવી તે સિદ્ધ થાય તેવા સફળ પ્રયત્ન કરવા પાછળ અને તેટલું દ્રવ્ય વિવેકથી ખર્ચવામાંજ તેની ખરી શોભા ને સફળતા છે.

૧૨. વ્યવહારિક નૈતિક અને ધાર્મિક કેળવણી, દેશ કાળ અનુસાર આપણી પ્રજામાં ઉદારતાથી દાખલ કરી તેને ખીલવવા પાછળ અઢળક દ્રવ્ય ખર્ચાય તો અવનતિનાં અનેક કારણો આપોઆપ દૂર થાય અને સહુ સમુદાયમાં ઉદાત્ત ભાવના પ્રગટ થતાં આપણી ઉન્નતિ ઘણી ઉતાવળે થાય તેમજ લક્ષ્મીની પણ સાર્થકતા થાય.

૧૩. પ્રજાની ઉંચી કેળવણી પાછળ પુષ્કળ દ્રવ્ય ખર્ચાવાની જરૂર છે, તેથી બીજી અનેક દિશાઓમાં સ્વેચ્છા મુજબ ખર્ચ કરતાં પહેલાં આપણી પ્રજાને જ્ઞાન-દાન વધારે અનુકૂળતાથી મળે તેવી સુંદર સગવડ કરવા પાછળ ઉદાર શ્રીમંતોએ જરૂર લક્ષ આપવું જોઇએ. દેશ કાળને બરોબર ઓળખીને ચાલવાથીજ આપણી ઉન્નતિ થઇ શકશે.

૧૪ અવિનાશી સુખ મેળવવા આપણે સહુએ દ્રઢ પ્રયત્ન કરવો જોઇએ.નિર્મળ આત્મશ્રદ્ધા, જ્ઞાન અને સંયમવડેજ તે મેળવી શકાશે. અશ્રદ્ધા, અજ્ઞાન અને અ-સંયમને આદરવાવડેજ આપણે ખરા સુખથી બેનસીબ રહીએ છીએ. એ દરિયા જેવડી ગંભીર ભૂલ સુધારી ખરો માર્ગ આદર્યા વગર આપણો છુટકોજ નથી એમ સમજી સ્વચ્છંદતા ત્યજી વગર વિલંબે આપણે ખરે રસ્તે વળવું જોઇએ. એજ આપણી ઉન્નતિનો ખરો માર્ગ છે. એનેજ વગર વિલંબે આદરવાની ખરેખરી જરૂર છે તેથી તેમાં પ્રમાદ ન કરવા સહુને સદ્બુદ્ધિ સૂઝો. ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વજીવનની સાર્થકતા કરવાનો ટૂંકો ઉપાય.

૧ માતા પિતા શેઠ સ્વામી અને ગુરૂજન પ્રત્યે સાચો અકૃત્રિમ વિનય કરવો, કૃતજ્ઞ પણે તેમના ગુણનું બહુમાન કરી આપણે પણ એવા સદ્‌ગુણી થવા પ્રયત્ન કરવો, તેમની અનુમતિથી સ્વયોગ્યતાનુસાર આરાધન કરવું અને તેમાં પ્રતિદિન વધારો કરવા લક્ષ રાખવું.

૨ ધર્મપ્રાપ્તિ માટે કુંચી જેવી મૈત્રી પ્રમોદ કરૂણા અને મધ્યસ્થતા રૂપ સદ્‌ભાવનાવડે સ્વઅંતઃકરણને સદાય સુવાસિત રાખવું.

૩ સહુને સ્વઆત્મા સમાન સમજી તેમને સદાય સુખ શાન્તિ ઉપજે તેમ અનુકૂળપણે ચાલવું. પ્રતિકૂળપણે ચાલી અન્યને પીડા ઉપજાવવી નહીં.

૪ સહુને હિતરૂપ થાય તેવું પ્રિય અને સત્ય વચન ડહાપણથી કહેવું.

૫ અગીયારમા પ્રાણ જેવા પ્રિય પરાયા દ્રવ્યને અનીતિથી લેવું નહિ.

૬ મન વચન કાયાથી પવિત્રપણે સદાય સ્વશીલ–બ્રહ્મચર્યની રક્ષા કરવી.

૭ અતિલોભ–મમતાવશ થઈ જરૂર વગરની ઘણી વસ્તુઓનો સંગ્રહ કરી અનેક જીવોને અંતરાય રૂપ થવું નહીં–સંતોષવૃત્તિ રાખવી.

૮ મહા પુરૂષોએ બતાવેલા સરલ માર્ગે પ્રમાદ રહિત પ્રયાણ કરવા સતત લક્ષ રાખવું. ઇતિશમ્.

મુનિ કર્પૂરવિજયજી.

# थोडाएक बोधदायक प्रश्नोत्तरो.

પ્ર૦–તીર્થ એટલે શું ?

ઉ૦–જે આપણને તારે અથવા જે વડે તરી પાર પામી શકાય તે.

પ્ર૦–તે તીર્થના ભેદ કહો.

ઉ૦–દ્રવ્ય ને ભાવ, લૌકિક ને લોકોત્તર, સ્થાવર ને જંગમ.

પ્ર૦–તે તે તીર્થના ભેદનો સામાન્ય અર્થ કહો.

ઉ૦–ઉપયોગ રહિત તે દ્રવ્ય અને ઉપયોગ સહિત તે ભાવ. સામાન્ય લોકસંમત તે લૌકિક, સર્વજ્ઞ સર્વદર્શી સંમત તે લોકોત્તર. એકજ મુકામે ( હાલ્યા ચાલ્યા વગર ) સ્થિર રહેનાર શત્રુંજય, ગિરનાર પ્રમુખ સ્થાવર અને સર્વજ્ઞ પ્રભુની આજ્ઞાનુસાર સ્વસ્વ ઉચિત મર્યાદા મુજબ ચાલનારા સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ અથવા ગૌતમાદિ ગણધર પ્રમુખ જંગમ તીર્થરૂપ જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦–લોકોત્તર સ્થાવર જંગમ તીર્થની સેવા–ભક્તિ શામાટે કરવી ?

ઉ૦–જન્મ મરણ દુઃખરૂપ જળથી ભરેલા ભવસાગરનો પાર પામવા, અનાદિ જડતા–અજ્ઞાન–મિથ્યાત્વ–કષાયાદિક દોષોને દૂર કરવા, સદ્ભાવના યોગે વીર્યોલ્લાસવડે નિર્મળ જ્ઞાન દર્શન અને ચરિત્ર અથવા આત્મજ્ઞાન, શ્રદ્ધા અને સ્થિરતાદિક સદ્ગુણો પ્રાપ્ત કરવા, ટુંકાણમાં પશુ જેવી ક્ષુદ્ર વૃત્તિને તજી, મનુષ્યત્વ આદરી, સદ્ભાવનામય દિવ્ય જીવનનો અનુભવ કરવા માટે.

પ્ર૦–પશુ જેવી ક્ષુદ્ર સ્વાર્થ–અંધ વૃત્તિ કોને કહેવી ?

ઉ૦–જેથી જીવની અપક્રાન્તિ–અવનતિ થાય એવા હિંસા, અસત્ય, અદત્ત ( ચોરી ), મૈથુન અને દ્રવ્યમૂર્છાદિક પાપસ્થાનકોવડે આત્માને મલીન કરવો તે.

પ્ર૦–ખરૂં મનુષ્યત્વ કોને કહેવું ?

ઉ૦–નિર્મળ જ્ઞાન પ્રકાશ યોગે, પશુવૃત્તિ તજી, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અસંગતા ( નિઃસ્પૃહતા ) દિક ઉત્તમ વ્રતોનું યથાર્થ પાલન કરવાવડે અનાદિથી અવરાયેલી સ્વશ્રદ્ધા જ્ઞાનાદિક સમૃદ્ધિ પ્રાપ્ત કરી લેવા ધૈર્ય અને ખંતથી અડગ પ્રયત્ન કરવા તદનુકૂળ વૃત્તિનું સેવન કરવું તે.

પ્ર૦–સદ્ભાવના કઈ કઈ છે ?

ઉ૦–મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્યાદિક.

પ્ર૦–નિર્દોષ દિવ્ય જીવન કોને કહેવું ?

ઉ૦–સદ્ભાવના યોગે સ્વહૃદયની વિશુદ્ધિથી સ્વયોગ્યતાનુસાર સર્વજ્ઞકથિત માર્ગના યથાર્થ પાલનવડે સ્વજીવનની સાર્થકતા કરવી તે.

પ્ર૦–શત્રુંજય, ગિરનાર પ્રમુખ પવિત્ર તીર્થસ્થળની યાત્રા કરવા જવાનું પ્રયોજન શું ?

ઉ૦–આધિ વ્યાધિ અને ઉપાધિ રૂપ અનેક વિધ સાંસારિક તાપ સમાવવા ને ખરી શાન્તિ મેળવવા માટે.

પ્ર૦–નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રસંપન્ન સંત મહંતોની સેવા ભક્તિ કે સમાગમ કરવાનું પ્રયોજન શું ?

ઉ૦–જન્મ જરા મરણ સંબંધી અનંત દુઃખથી પરિતપ્ત આત્માને તેમાંથી મુક્ત થવાનો ખરો માર્ગ એવા નિરાગી–નિઃસ્પૃહી–ત્યાગી જ્ઞાની પુરૂષોના સંસર્ગથી મળવાનો સંભવ હોવાથી અક્ષય સુખના અર્થી જનો તેવા મહા પુરૂષોની સેવા ને સમાગમ એક નિષ્ઠાથી કરવા ચાહે છે–કરે છે.

પ્ર૦–સર્વથા રાગ દ્વેષ રહિત વીતરાગ દેવની સેવા–ભક્તિ શામાટે કરવી ?

ઉ૦–અનંત જન્મ મરણને આપનારા આપણામાં જડ ઘાલીને રહેલા રાગ દ્વેષાદિક મહા દોષોને નિર્મૂળ કરવાને માટે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦–રાગ દ્વેષ રહિત વીતરાગવડે અનુગ્રહ કે નિગ્રહ શી રીતે થઇ શકે ?

ઉ૦–જો કે વીતરાગ દેવ સાક્ષાત્ અનુગ્રહ કે નિગ્રહ કરતા નથી, પરંતુ જેમ ચિન્તામણિ રત્ન, કામકુંભ, કલ્પવૃક્ષ અને કામધેનુ પ્રમુખની સેવા સફળ થાય છે તેમ વીતરાગ પરમાત્માની સેવા ભક્તિ પણ ભવ્યાત્માઓને ફાયદાકારક થાય છે, અને તેનો અનાદર ( આશાતનાદિક ) કરનાર દુરાત્માઓને હાનિ–નુકશાન-કારક પણ થાય છે. ચિન્તામણિ રત્ન પ્રમુખ જડ–અચેતન છતાં જેમ યથાવિધ સેવનારને ચિન્તિત ફળ આપે છે અને અગ્નિ પ્રમુખ અવિધિ સેવનથી બાળે છે તેમ પ્રભુ–ભક્તિ અભક્તિ કરનારને પણ આડકતરી રીતે અનુક્રમે અનુગ્રહ નિગ્રહ થાયજ છે.

પ્ર૦–શત્રુંજયાદિક તીર્થસેવાની સાર્થકતા શી રીતે સમજવી ?

ઉ૦–એ પવિત્ર તીર્થનું આલંબન લહી વિશુદ્ધ લેશ્યા–પરિણામથી અનશ-નાદિકવડે પૂર્વે સિદ્ધિપદને પામેલા તીર્થંકરાદિકના અનંત જ્ઞાનાદિક ગુણોનું ચિન્ત-વન કરીને તેમજ અત્યારે વિદ્યમાન સંત–મહંતાદિક સાધક મહાશયોની સેવા–ભક્તિ બહુમાનાદિકવડે આત્મસ્થિરતા–રમણતા–સમાધિ યોગે.

સન્મિત્ર–કર્પૂરવિજયજી.

# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ઠ ૨૦૦ થી )

પાટણ શહેરમાં શ્રીમાળી જ્ઞાતિના **નાગરાજ** નામે શેઠ હતા. લોકો તેને કોટીધ્વજ કહેતા હતા. તેને **મેલાદેવી** નામે સ્ત્રી હતી. અન્યદા તે સગર્ભા થઈ, તેવામાં નાગરાજ શેઠ મરણ પામ્યા, એટલે રાજાએ તેને અપુત્રીઓ જાણીને તેનું સર્વ દ્રવ્ય લઈ લીધું. મેલાદેવી પોતાને પીયર ધોળકે ગઇ. ત્યાં તેને અમારીપડહ વગડાવવાનો દોહલો થયો. તેના પિતા દ્રવ્યવાન્ હોવાથી તેણે અમારીપડહ વગ-ડાવી–જીવહિંસા અમુક દિવસો બંધ રખાવી તેનો દોહલો પૂર્યો. અનુક્રમે તેને પુ-ત્રનો પ્રસવ થયો. તેનું નામ તેના માતામહે **અભય** રાખ્યું, પરંતુ લોકોમાં તો તે **આભડ** નામથી પ્રસિદ્ધ થયો. તે પાંચ વર્ષનો થયો એટલે તેને નિશાળે ભણવા મૂક્યો. છોકરાઓ તેને ' નબાપો ' કહીને ખીજવવા લાગ્યા. અત્યારસુધી તો તે પો-તાના માતામહને જ પોતાના પિતા સમજતો હતો. છોકરાઓથી તેણે જાણ્યું કે તે તો તેની માતાના પિતા છે. માતા પાસે આવીને તેણે પોતાના પિતા વિષે પૂછ્યું. બાળકના બહુ આગ્રહથી માતાએ તેના પિતા સંબંધી બધી વાત કહી; એટલે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભડ માતાની રજા લઇને યોગ્ય ઉમરે પાટણ ગયો. ત્યાં પોતાના જીર્ણ ગૃહમાં રહેતાં તેમાંથી તેના પુણ્યયોગે દ્રવ્ય પ્રગટ થયું. તે દ્રવ્યવાન્ થઇને વ્યાપાર કરવા લાગ્યો, અને લાછલદે નામની સ્ત્રી પરણ્યો. અનુક્રમે કોટીધ્વજ થયો અને તેને પણ પુત્ર થયા. વળી પાછો અશુભ કર્મનો ગાઢ ઉદય થવાથી તે નિર્ધન થઈ ગયો. એટલે તેની સ્ત્રી ત્રણે પુત્રને લઇને પોતાને પીયર ગઇ. આભડ ઘરમાં એકલો રહ્યો. પોતાને ન છાજે તેવા ચર્મની કોથળી ઘસવા વિગેરે ઉદ્યોગ પેટને માટે કરવા લાગ્યો. એમ કરતાં એક માણુ અનાજ મળે એટલે તે પોતાને હાથે દળે, હાથે રાંધે અને એકલો જમે. આ પ્રમાણે દુ:ખમાં દિવસો વ્યતિક્રમાવવા લાગ્યો. કર્ત્તા કહે છે કે—

ક્ષણ ખાંડો ક્ષણ વાટલો, ક્ષણ લાંબો ક્ષણ લીહ;
દૈવે ન દીધાં ચંદને, સર્વે સરિખા દીહ. ૧
જગશિર અખ્ખર વિધિ લખે, વિધિ શિર લખિયા કેણ;
રાવણ ઘર કોદ્રવ દળે, એમ પૂછ્યું હણુએણ. ૨
નલિની સરોવર ઘર કિયો, દવ દાઝણા ભયેણ;
તે દાધી ત્યાં હિમજળે, પુરવ દત્ત ફલેણ. ૩
ના કીધે તે નવિ રહે, દૈવ કરે તે થાય;
મચ્છ રયણાયર ઘર કરે, સાંઝે સાથ વેચાય. ૪
અવળી ગતિ છે દૈવની, એમ પતીજો કોઇ;
આરંભ્યા શુંહી રહે, અવર અચિંત્યા હોઇ. ૫
સુકુળે ઉપજ્યો શું કરે, જો શિર કર્મ ન હોય;
નાચ્યો વિંધ્યો ને હણ્યો, શંખ ભમંતો જોય. ૬
શંખ સરિખો નર ભવે, આભડ કોટિધ્વજ;
પુરૂષાં માન ન કીજીએ, કાલ તિસ્યું નહિ અજ્જ. ૭
સુખીયા મ કરીશ ગારવો, નિર્ધન પાય મ દેસ;
કોઇ કુવાયો વાયશે, જ્યું તુંબડીને વેલ. ૮
ગયવર કાં તું ગરવિયો, દેખી વડવડ દંત;
એહજ દંતહ જોગથી, શું બહુ હોઇ પડંત. ૯

ભાવાર્થ—ચંદ્રમા એક દિવસ ખાંડો, એક દિવસ ગોળ, એક દિવસ લાંબો ને એક દિવસ માત્ર લીંટી જેવો દેખાય છે; તેના પણ સરખા દિવસો જતા નથી. જગતના મસ્તક પર ( કપાળ પર ) વિધાત્રા લેખ લખે છે, પણ તેના કપાળમાં કોણે લેખ લખ્યો કે જેથી તેને રાવણને ઘેર કોદરા દળવા રહેવું પડ્યું ? આમ હનુમાને પુછ્યું. ( આ વાત અન્ય મતના રામાયણની છે. ) કમલિનીએ સરોવરમાં ઘર કર્યું કે જેથી દવમાં બળવું ન પડે, પણ ત્યાં પાણીના હિમથી ( ઠંડકથી ) જ બળી ગઇ–પૂર્વે કરેલા કર્મના ફળ ત્યાં પણ ભોગવવા પડ્યા. કર્મ, ના કીધાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અટકે તેમ નથી, તેનું કર્યું તો થાયજ છે. જુઓ મચ્છે રત્નાકરમાં નિવાસ કર્યો છતાં ત્યાંથી પણ પકડાઇને વેચાવા વખત આવ્યો. દૈવની ગતિજ અવળી છે; માટે કોઇ તેનો વિશ્વાસ કરશો નહીં, કેમકે તેના વિપરીતપણાથી આરંભેલા કામ એમના એમ પડ્યા રહે છે, અને અણચિંતવ્યા થઇ જાય છે. સારા કુળમાં ઉપજેલ પણ કર્મ સારાં ન હોય તો શું કરે ? શંખ ઘણો રત્નાકર જેવા સુકુળમાં ઉત્પન્ન થયો છતાં નથાણો, વિંધાણો, હણાણો, તેને ઘેરઘેર ભટકવું પડ્યું. આ આભડશેઠ પણ કોટીધ્વજ હતો, છતાં નિર્ધન થઇ જવાથી શંખની જેમ જ્યાં ત્યાં ભટકે છે; માટે હે પુરૂષ ! માન કરીશ નહીં, કેમકે જેવી કાલ તેવી આજ નથી. હે સુખી મનુષ્ય ! તું તારા સુખનો ગર્વ કરીશ નહીં અને નિર્ધનને પગે ઠેલીશ નહીં, કારણ કે કોઇક માઠો પવન વાશે તો તુંબડીનો વેલો મીઠાનો કડવો થઇ જાય છે તેમ થઇ જશે. હે હાથી ! તું તારા મોટા મોટા દાંત જોઇને ગર્વ કરીશ નહીં, કારણકે એ દાંતના કારણથીજ તારે ખાડામાં પડવું પડશે. "

આ લક્ષ્મી કોઇની થઇ નથી ને થવાની નથી. સમુદ્ર જેવા પિતાને પણ તેણે તજી દીધો છે. નારાયણને તેના ઉપર પૂર્ણ પ્રેમ હતો છતાં ત્યાંથી તે નીકળી ગઇ છે, બીજા પુરૂષો તો લક્ષ્મીને પામીને ખરચે છે, ખાય છે, ઉપભોગ લે છે; આભડે તેવું કાંઇ ન કર્યું છતાં ત્યાં સ્થિર થઇને રહી નહીં. મૂર્ખ માણસો તો તે જોઇને વિસ્મય પામ્યા; પણ સમજુને તેની અસ્થિરતા ભાસેલી હોવાથી તેમાં કાંઇ આશ્ચર્ય થયું નહીં. અન્યદા આભડશેઠ **હેમચંદ્રાચાર્ય** પાસે ગયા અને તેમની પાસે શ્રાવકના બાર વ્રત ઉચ્ચર્યા. તેમાં પાંચમા વ્રતમા પરિગ્રહનું પરિમાણ કરતાં તેણે સો પચાસ રૂપિયા રાખવા ધાર્યું. ગુરૂમહારાજાએ કહ્યું કે-" આટલા દ્રવ્યથી તારૂં મન સ્થિર નહીં રહે; કારણકે આગળ ઉપર તને ઘણી લક્ષ્મી મળવાની છે." તેણે હજાર રાખવા કહ્યું. ગુરૂએ તોપણ ના કહી, એટલે લાખ રાખવા ઇચ્છા જણાવી. લોકો તો તેને હસવા લાગ્યા, પણ 'ગુરૂમહારાજે તેટલાથી પણ નહીં સરે' એમ કહ્યું, એટલે નવ લાખ રાખ્યા અને તેનાથી વધારે થાય તો પુણ્યકાર્યમાં ખરચીશ' એમ કહ્યું. ગુરૂએ તેને તે પ્રમાણે નિયમ કરાવ્યો.

હવે તેની પાસે પાંચ દામ હતા—તેટલાવડે એક બકરીના ગળામાં ઇંદ્રનીલ બાંધેલું હતું તે ખરીદ્યું. પછી તેના ઘણા મણકા કર્યા અને લાખ લાખ રૂપિયે એકેક મણકો વેચાણો, તેથી તેની પાસે ઘણું દ્રવ્ય થયું. તે પાછો અનુક્રમે કોટીધ્વજ થયો, એટલે સ્ત્રી પુત્ર પણ આવીને મળ્યા. તેણે નગરમાં દુ:ખીઓનું દુ:ખ ટાળવા પડહ વગડાવ્યો અને મુનિરાજને ઘૃત વિગેરેનું દાન દેવા લાગ્યો.

કર્ત્તા કહે છે કે—સાહસિકને લક્ષ્મી મળે, કાયરને ન મળે, અને વસ્તુ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્ય પ્રમાણે પ્રાપ્ત થાય. કાનને સોનાના કુંડળ મળે ત્યારે આંખને માત્ર કાજળ જ મળે. સત્યવાન્ માણસે સત્ય ન છોડવું, સત્ય છોડવાથી પત–આબરૂ જાય છે અને તે પાછી આવતી નથી. જો સત્ય હોય છે તો ગયેલી લક્ષ્મી પણ સત્યથી આ–કર્ષાઇને પાછી આવે છે. ઘણી લક્ષ્મી મળે છે. ભ્રમરને એક કવિએ કહ્યું છે કે તું અત્યારે શોભા વિનાના કેતકીના ઝાડને ઠેલીશ નહીં, કારણકે કાલે કેતકી ફુલશે ને રંગરેલ થઇ જશે.”

આભડશેઠ લક્ષ્મી મળી એટલે આનંદથી સ્વામીવચ્છળ કરે છે, જિનેશ્વર–ની પૂજા–ભક્તિ કરે છે, દાનશાળા મંડાવી છે, શ્રી સંઘની ( તમામ જૈન બંધુની ) વર્ષમાં બેવાર ભકિત કરે છે. જિર્ણોદ્ધાર ચૈત્યોનો તેમજ પુસ્તકોનો કરાવે છે. આ પ્રમાણે તેના ૮૪ વર્ષના આયુષ્યમાં કુલ સરવાળો કરતાં તેણે ૯૮ લાખ દ્રવ્ય ખ–ર્ચ્યું. અંત સમયે એ સરવાળો જાણીને તેને ખેદ થયો કે હું એક ક્રોડ પૂરા ખર્ચી ન શકયો ? તે સાંભળીને તેના પુત્રે તેના શ્રેયાર્થે આઠ લાખ બીજા ખર્ચ–વાનું કબુલ કર્યું અને દશ લાખ ખર્ચી એક ક્રોડ ને આઠ લાખનો સરવાળો કર્યો. આભડ શેઠ અનશન કરી મૃત્યુ પામીને સ્વર્ગે ગયો.

આ પ્રમાણેનો આભડશેઠનો પ્રબંધ સાંભળીને ઉત્તમ પુરૂષે ધન જાય ત્યારે ધૈર્ય ને ધર્મ છોડવો નહીં, અને ધન આવે ત્યારે ગર્વ કરવો નહીં. કદી પાછું ન આવે તોપણ હૃદયમાં ખેદ કરવો નહીં–સમભાવમાં રહેવું, કારણકે જગતમાં સંતો-ષજ સર્વ કરતાં વડો છે, શ્રેષ્ઠ છે, કલ્પવૃક્ષ સમાન છે. જુઓ પવનનું ભક્ષણ કરતાં છતાં સર્પ પુષ્ટ થાય છે, તૃણને ચર્યા છતાં હાથી પુષ્ટ થાય છે, વનના કંદમૂળ ખાય છે છતાં તાપસો સુખી રહે છે. આ સર્વ સંતોષનો પ્રતાપ છે. વળી પોતાને જે મળ્યું હોય તે ઉપર સંતોષ માનવો. આપણા દેશમાં મીઠો કે કડવો લીંબડો હોય તો તે કામનો, પરદેશમાં ભલે દ્રાક્ષના મંડપો હોય પણ તે આપણે શું કામના ? માટે પારકી ઋદ્ધિ દેખીને મત્સર ન કરવો, અદેખાઈ ન કરવી. જેવું તેં વાવ્યું હશે તેવુંજ લણીશ. ગત ભવમાં જેવું કર્યું હશે તેવું અહીં મળશે, માટે જે મળે તેમાં સંતોષી રહેવું.

અપૂર્ણ.

# ક્ષમા.*

“ જે આત્માને માણસો અન્યાય આપે છે અને જે હૃદયને તેઓ ક્રૂરતા પૂર્વક વાગ્બાણ દ્વારા આઘાત પહોંચાડે છે તે આત્મા તથા તે હૃદયને થતા દુઃખનો જો તેઓ સ્વયં અનુભવ કરવાની સ્થિતિમાં મૂકાય તો તેઓ મમતા ભર્યાં વચનો અને લાગણીથી તેના ઉપર દિલાસાની અકસીર દવા જરૂર લગાડે.”

* મિ. જેમ્સ એલનની વિચાર સૃષ્ટિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"દયા એ વૈર કરતાં વધારે ઉમદા ચીજ છે."

નુકસાનોને યાદ કરવા, એ અજ્ઞાન છે. વૈરની લાગણીને પોષવી, એ આત્મઘાત છે. ક્ષમાનો અનુભવ કરવો અથવા ક્ષમાશીલ માણસનો આશ્રય લેવો, એમાં ખરૂં જ્ઞાન, સુખ અને શાંતિ રહેલાં છે. નુકસાન અથવા ખોટના વિચાર કરનારને શાંતિ હોતી નથી. તેનું હ્રદય સદા દુઃખી રહ્યા કરે છે. જે માણસો પોતાને અન્યાય થયો છે, એમ માને છે અને જેઓ પોતાના શત્રુને હેરાન કરવાના હરેક પ્રયત્નો આદરે છે તેઓ વૈરાગ્નિમાં નિરંતર બળ્યા કરે છે. બુરાઇથી ભરેલા દિલમાં સુખ ક્યાંથી હોઇ શકે ? બળતા માળામાં પંખીઓ વસી શકે ? વૈરના વિચારથી બળતા હ્રદયમાં ડહાપણનો વાસ હોઇ શકેજ નહિ.

ક્ષમાના સ્વરૂપને નહિ પીછાણનારા દિલને વૈર જ સુંદર લાગે છે, પણ જ્યારે તે ક્ષમાના માધુર્યનું એકવાર પાન કરે છે કે તરતજ વૈરની અનહદ કર્કશતા ( સખ્તાઇ ) ને સમજી શકે છે. તૃષ્ણાઓથી ઘેરાયેલા માણસોનેજ વૈર સુખદાયક લાગે છે; પરંતુ જ્યારે તે તૃષ્ણાઓની પરંપરાને ત્યજી દે છે અને ક્ષમાના મોહક ભાવનું શરણ ગ્રહણ કરે છે, ત્યારેજ તેને માલૂમ પડે છે કે વૈર દુઃખદાયક છે.

વૈર, એક ઝેરી જંતુ છે. તે આપણા મનના સત્ત્વને ખાઇ જાય છે અને જીવનમાં–આત્મામાં ઝેર ભેળવે છે. ક્રોધ, એ મનની તંદુરસ્ત શક્તિઓને બાળી નાંખનાર–તેનો નાશ કરનાર માનસિક બીમારી છે. દ્વેષ, પણ સદ્દવૃત્તિ અને વાત્સલ્યતાના પવિત્ર ઝરણા પી જનાર–સૂકવી નાંખનાર માનસિક બીમારી છે. આ સૌ ઉપાધિમાંથી છુટા થવા મુમુક્ષુ જનોએ પ્રયત્ન કરવો જોઇએ. ક્રોધ, એ સર્વ દુઃખ–આફતનું મૂળ છે. જે માણસો તેને ઉત્તેજન આપે છે, પોષે છે, છોડી દેતા નથી તેઓ ઘણું સુખ ખોવે છે અને ખરો પ્રકાશ મેળવી શકતા નથી. ક્રૂર થવું, એ દુઃખી થવા માટે અથવા સુખ અને પ્રકાશથી દૂર થવા માટે છે. દયાવાન્ થવું, એ સુખી થવા માટે અને આનંદ અને પ્રકાશ મેળવવા માટે છે. ક્રૂર માણસોને ઘણું સહન કરવું પડે છે; કારણ કે તેઓ બીજા ઉપર વેરની ભાવના રાખે છે, એટલુંજ નહિ પણ તેમની ક્રૂરતા, એ બધાં દુઃખનું મૂળ છે. જ્યારે જ્યારે કોઇ માણસ પોતાના જાતિભાઇ ઉપર દુઃખનો વરસાદ વરસાવે છે, ત્યારે ત્યારે તે પોતાની જાત ઉપર પાંચ પ્રકારનાં દુઃખો લાવે છે. તેને પ્રેમ અને ભ્રાતૃભાવના વિયોગનું દુઃખ સહન કરવું પડે છે; તેને મનની બેચેનીનું અને બીજાઓની શિક્ષાનું દુઃખ સહન કરવું પડે છે, તેને પોતાના જખમી થયેલા અભિમાનનું દુઃખ સાલે છે. આ શિક્ષા હરેક ક્રૂર માણસને સહન કરવી પડે છે. તેવી રીતે ક્ષમાવાન માણસને પાંચ જાતનાં સુખો મળે છે. તે પ્રેમ અને ભ્રાતૃભાવનું સુખ મેળવે છે; તે મનની શાંતિ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તનનું સુખ મેળવે છે; અને જેની વાસનાઓ શાંત થયેલી હોય છે તે માણસ બીજા માણુસોના અંતરના પૂર્ણ આશીર્વાદ મેળવે છે.

આજે ઘણા માણસો ક્રૂરતાની સખ્ત શિક્ષા ભોગવે છે અને જ્યારે તેઓ તેને દૂર કરવા મથે છે, ત્યારેજ તેઓ કેવા ક્રૂર શેઠીયાની નોકરીમાં છે, તે સમજી શકે છે. ક્ષમાના સ્વરૂપને સમજવા માટે જેમણે એનો આશ્રય ત્યજી દીધો છે, તેઓજ બન્ને પ્રકારની નોકરીમાંથી કઇ નોકરી સારી અને કઇ ખરાબ છે, તે સારી રીતે સમજી શકે છે. માણસોને દુનીયાની જંજાળનો વિચાર કરવા દો. કુટુંબીઓ, જાતિઓ, પાડોશીઓ અને જૂદી જૂદી પ્રજાઓ કેવા વૈરભાવથી એકબીજા સાથે વર્ત્તે છે તેનો પણ ખ્યાલ કરવા દો. જ્યાં ભાઈઓ એકબીજાની ગરદન ઉપર છુરી મૂકે છે; તેની ભયંકર ચીસો સાંભળીને કોઇનું હૃદય પણ દયાર્દ્ર થતું નથી, એ સોરમતોનું તેને શાંતિથી નિરીક્ષણ કરવા દો. અને આ બધું સમજ્યા પછી–તેઓ કેટલા દુઃખી છે તે જાણ્યા પછી તે કદી પણ ક્રોધના અવિચારી વિચારોને તાબે થશે નહિ, તે કદી પણ બીજાનાં કાર્યો માટે ગુસ્સો લાવશે નહિ.

બધા માણસો તરફ માયા રાખો. ક્રૂરતા, લોભ અને ક્રોધને મારી નાંખો. તેથી તમારૂં જીવન અતિ કોમળ થશે.

જ્યારે માણસો ક્રોધને ત્યજી ક્ષમાને ગ્રહણ કરે છે, ત્યારે તેઓ અંધકાર–માંથી પ્રકાશમાં આવે છે. ક્રૂરતા એટલી અંધ અને અજ્ઞાન છે કે કોઇ પણ સુજ્ઞ માણસ તેનો સંગ કરતો નથી; પરંતુ જ્યાં સુધી ક્રૂરતાને ત્યજી દેવાય નહિ અને વર્ત્તનનો ઉત્તમ વિકાસક્રમ શોધી અથવા મેળવી શકાય નહિ, ત્યાં સુધી તેના અંધકારને આપણે સમજી શકતા નથી. માણસો પોતાના અજ્ઞાન અને પાપવૃત્તિથી આંધળા થાય છે; વૈરની લાગણીને ત્યજી દેવી એ વાસના અને અહંકારને ત્યજી દેવા બરોબર છે. જ્યારે આપણે તેને ત્યજી દઇએ છીએ ત્યારે અભિમાન અને વાસનાના અંધકારમાં દબાઇ રહેલું જીવન પોતાના અસલ સ્વરૂપમાં આપણી સામે રજુ થાય છે.

પછી ક્રોધ, ઇર્ષ્યા અને ભૂલનાં આછાં દર્શનો પવિત્ર વર્ત્તનને બગાડી શકતાં .થી. આ બધા દુર્ગુણો અહંત્વના પાપમાંથી જન્મ પામે છે. અહંકારનું પ્રમાણ જેમ જેમ વધતું જાય છે તેમ તેમ ક્રોધનું પ્રમાણ પણ વધતું જાય છે. નજીવી બાબતો માટે ગુસ્સો કરવાથી ધિક્કારને પોષણ મળે છે અને પછી ધીમે ધીમે અહં-કાર, દુઃખ અને આત્મ આવરણમાં આપણે ડુબી જઇએ છીએ. ક્રોધના ઉપર ગુસ્સે થશો નહિ, તે નિમિત્તે તમારી લાગણીને દુભાવા દેશો નહિ. સામા માણસને ગુસ્સે થવાનું કારણ આપશો નહિ. શાંત, ક્ષમાવાન્ અને દયાળુ બનજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ક્ષમાવાન હોય તેજ બીજાને ક્ષમા આપી શકે છે. માણુસો જ્યારે બીજાનાં કાર્યો તરફ ગુસ્સે થતા બંધ થાય છે ત્યારે તેઓ બીજાના તરફ માયાથી વર્તી શકે છે અને તેમનો પહેલો વિચાર કરે છે. આવા માણુસોજ પોતાના કાર્ય અને વિચારમાં નમ્ર થાય છે, પોતાને માટે બીજામાં સ્નેહ અને મમતાને જાગ્રત કરે છે અને પોતાના તરફ તેમનો સદ્ભાવ એવો અને એવો કાયમ રખાવવા પ્રયત્ન કરે છે બીજા માણુસોની તેમને બીક રહેતી નથી. કારણુ કે કોઇને નુકસાન નહિ કરનાર માણુસને બીક કોની હોય ? પોતાને થયેલ નુકસાન બદલ બીજાને નુકસાન કરવા તૈયાર થયેલો ક્રોધી માણુસ બીજા માણુસો તરફ નમ્ર થઇ શકતો નથી, કારણુકે તે પહેલાં પોતાનો વિચાર કરે છે અને હરેક સાથે દુશ્મનાવટ રાખે છે તેથી હંમેશાં બીજાની બીકમાં રહે છે, બીજા પોતાને નુકસાન કરશે, એમ માની ડરતો ચાલે છે. બીજાને નુકસાન કરવાનો પ્રયત્ન કરનારનેજ બીજાથી બ્હીવું પડે છે.

અભિમાનને છોડી દેવું, એ વિકટ છતાં પવિત્ર કાર્ય છે અને તે નમ્રતાના સતત અભ્યાસથી અને બીજાનાં તેવાં કાર્યો અને વિચારોનું સેવન તથા મનન કરવાથીજ સાધી શકાય છે. માણુસના નીખાલસપણુાના પ્રમાણુમાં ક્ષમા આદિ ગુણો તેના હૃદયમાં ઉદ્ભવે છે, પ્રગટ થાય છે.

**"તિરસ્કારથી તિરસ્કાર શમતો નથી પણ ક્ષમાથી જ તે શમે છે."** એ કદી ભુલવું ન જોઇએ. આ સૂત્ર સમજાવવા માટે આર્યાવર્તના એક સાધુ પુરૂષે પોતાના શિષ્યોને **દીર્ઘાયુની** વાત કરી હતી તે નીચે પ્રમાણે:—

"બનારસના સમર્થ રાજા **બ્રહ્મદત્તે** કોશલાનું રાજ્ય પોતાની સરહદ સાથે જોડી દેવાના ઇરાદાથી તેના રાજા **દીર્ઘેતિ** ઉપર ચ્હડાઇ કરી. શત્રુને જીતવા જેટલી સત્તા દીર્ઘેતિમાં નહિ હોવાથી તે ન્હાસી ગયો અને તેનું રાજ્ય બ્રહ્મદત્તને હસ્તગત થયું. થોડા વખત સુધી દીર્ઘેતિ છુપા વેશમાં અહીંથી તહીં ભમ્યો અને છેવટે કોઇ કારીગરની ઝુંપડીમાં પોતાની રાણી સાથે રહેવા લાગ્યો. ત્યાં રાણીએ પુત્રને પ્રસવ્યો. લોકો તેને **દીર્ઘાયુ** કહેવા લાગ્યા.

બ્રહ્મદત્ત દીર્ઘેતીને શોધી કાઢવા મથતો હતો. તેનો વિચાર તેને મારી નાખવાનો હતો. કારણુ કે તે માનતો હતો કે મેં તેનું રાજ્ય છીનવી લીધું છે, તેથી જો હું તેને નહિ મારૂં તો કોઇ વખતે તે મને મારી નાખશે; પરંતુ ઘણાં વર્ષ વીતી ગયાં છતાં તે પોતાનું ઇચ્છિત કરી શકયો નહિ. દરમ્યાન દીર્ઘેતિએ પોતાનો બધો વખત છોકરાની કેળવણીમાં ગાળ્યો. પરિણામે દીર્ઘાયુ ઘણો ડાહ્યો અને વિદ્વાન્ થયો. થોડા વખત પછી બ્રહ્મદત્તે દીર્ઘેતિની જગ્યા શોધી કાઢી. દીર્ઘેતિને પોતાના પુત્રને મારી નાખશે એવી બીક હતી.

For Private And Personal Use Only